કેસ રજૂ તા. :– ૦૧/૦૮/૨૦૨૩

દાખલ કર્યા તા.: ૦૧/૦૮/૨૦૨૩

હુકમ કર્યા તા.: –૨૯/૦૫/૨૦૨૪

અવધિ વર્ષ – માસ – દિવસ
૦૦ ૦૯ ૨૮

**ભચાઉ એડીશનલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટ, મુ.ભચાઉ.**

**ક્રિમીનલ કેસ નં.૭૩૦/૨૦૨૩**

આંક :–૧૨/બી

ફરીયાદી :– શ્રી સરકાર

**વિરૂધ્ધ**

તહોમતદાર :– રાયધણ લાખા મણકા

ઉ.વ.૪૦, ધંધો–મજુરી

રહે.સર્વોદય સોસાયટીભચાઉ–કચ્છ.

ગુનો:– **પ્રોહી.એકટની કલમ: ૬૫ (એફ) મુજબ.**

---

ફરીયાદ પક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી બી.એસ.વિઠ્ઠલાણી

આરોપી પક્ષ તર્ફે વિ.વકીલશ્રી એસ.એમ.શામળીયા

---

**:: જ જ મે ન્ટ ::**

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૦૬/૧૦/૨૦૨૨ ના રોજ કલાક ૦૭:૦૦ ના સુમારે ભચાઉ મુકામે આ કામના આરોપીએ પોતાના રહેણાક મકાનમાં દેશી દારૂ બનાવવાનો આથો લીટર–૬૦૦ કિ.રૂા.૧૨૦૦/–નો રાખી હાજર ન મળી આવી, ગુન્હો કર્યાની હકીકતે આરોપી વિરુધ્ધ ધી ગુજરાત પ્રોહી. એકટની કલમ: ૬૫ (એફ) મુજબનો ગુનો નોંધી ગુનાનું ચાર્જશીટ ભચાઉ પોલીસ સ્ટેશન તરફથી રજુ કરેલ.

(૨) ચાર્જશીટ દાખલ થયેથી આરોપીને અત્રેની અદાલતમાં હાજર રહેવાનાં સમન્સ કરતા જે તેઓને બજી

જતાં આરોપી હાજર થતાં, પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે પુરી પાડવામા આવેલ છે.આ કેસ અત્રેની કોર્ટમા ચલાવવાની સત્તા છે તે બાબતે બંને પક્ષો વચ્ચે કોઈ તકરાર નથી. વધુમા નામદાર ગુજરાત હાઈકોર્ટ ક્રિ.મિસ.એપ્લીકેશન નં.૮૮૯૨/૨૦૧૮ જયંતીભાઈ મગનભાઈ ડામોર વિરુધ્ધ ગુજરાત રાજય ના ચુકાદામા આ પ્રકારના કેસ મેજીસ્ટ્રેટ કોર્ટને ચલાવવાની સતા છે તેમ ઠરાવેલ છે જેથી અત્રેની કોર્ટ આ કેસને ચલાવાની સતા હોઈ આ કાર્યવાહી આગળ ચલાવામા આવેલ છે.આરોપી સામે ત્હોમતનામુ ફરમાવ્યા બાદ પ્લી નોંધતા, આરોપીએ તેમની સામેનાં હાલના ગુનાનો ઈન્કાર કરતા કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૩) આ કામે ફરીયાદ પક્ષ તરફથી પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**<u>-: મૌખીક પુરાવો તેમજ દસ્તાવેજી પુરાવો :-</u>**

-આંક-૭થી પંચ-મહેશભાઈ બાબુભાઈ કોલીની જુબાની

-આંક-૮ થી પંચનામાની ખરીનકલ

-આંક-૯ થી પંચ-કમલેશ ગાંગજી સુથારની જુબાની

-આંક-૧૦થી ત.ક.અ.બળદેવસિંહ બચુભા જાડેજાની જુબાની

-આંક-૧૧ થી ફરીયાદ

(૪) ઉપરોકત પુરાવા સિવાય ફરીયાદ પક્ષ તર્ફે વધુ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને રજુ કરવા માટે કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. ફરીયાદપક્ષનો પુરાવો નોંધ્યા બાદ ક્રિ.પ્રો.કો.ક.૩૧૩ અન્વયે તહોમતદારનું વિશેષ નિવેદન નોંધતા તહોમતદારએ તેમના વધારાના નિવેદનમાં ગુનાની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને તેઓ નિર્દોષ છે અને ફરીયાદીએ ખોટી ફરીયાદ આપેલ છે તેવી રજુઆત કરેલ છે અને આ સિવાય અન્ય કોઈ હકીકત જણાવેલ નથી. તહોમતદાર તર્ફે બચાવમાં કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. ત્યારબાદ બન્ને પક્ષકારોની દલીલો સાંભળી કેસ આખરી નિર્ણય માટે રાખવામાં આવેલ છે.

(૫) આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

મુદ્દા નં.૧ :- શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબીત કરે છે કે, તા.૦૬/૧૦/૨૦૨૨ ના રોજ કલાક

૦૭:૦૦ ના સુમારે ભચાઉ મુકામે આ કામના આરોપીએ પોતાના રહેણાક મકાનમાં દેશી દારૂ બનાવવાનો આથો લીટર–૬૦૦ કિ.રૂા.૧૨૦૦/–નો રાખી હાજર ન મળી આવી, આરોપીએ ધી ગુજરાત પ્રોહી. એકટની કલમ: ૬૫ (એફ) મુજબના શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

મુદ્દા નં.૨ :– શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ :– નકારમાં.

મુદ્દા નં.૨ :– આખરી હુકમ મુજબ.

<u>**કા ર ણો**</u>

(૭) આ કામે ફરીયાદપક્ષ તરફે આંક–૭ થી પંચ મહેશભાઈ બાબુભાઈ કોલીને તથા આંક–૯ થી પંચ–કમલેશ ગાંગજી સુથારને સોગંદ પર તપાસવામા આવેલા છે. સદરહુ પંચોએ પંચનામામાં સહી સિવાયની હકીકતોને સમર્થન આપેલ નથી અને ફરીયાદપક્ષે હોસ્ટાઈલ જાહેર થયેલ છે અને ફરીયાદપક્ષે કરાયેલ ઉલટતપાસમાં પણ પંચનામાને સમર્થનકારી હકીકત રેકર્ડ પર આવેલ નથી. આમ, રજુ પંચનામાના પંચોના પુરાવાથી પંચનામાની હકીકતો તેની વિગતે પુરવાર થતી નથી.

(૮) આ કામે ફરીયાદપક્ષે આંક–૧૦થી ત.ક.અમલદાર બળદેવસિંહ બચુભા જાડેજાએ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ કે, તા.૬/૧૦/૨૦૨૨ ના રોજ તેઓ ભચાઉ પો.સ્ટે.માં ફરજ બજાવતા હતા તે દરમ્યાન તેઓ તથા તેઓના પોલીસ સ્ટે.ના માણસો પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમી આધારે આરોપીએ પોતાના રહેણાંક મકાનમાં દેશી દારૂ બનાવવાનો આથો લીટર–૬૦૦ કિ.રૂા.૧ ૨૦૦/–નો રાખેલ હોય રેડ કરી કબજે કરેલો જે ફરીયાદ આંક–૧૧ થી રજુ છે. આ ગુનાની તપાસ તેઓએ કરેલી. આરોપીની અટક કરેલી. આરોપી સામે પુરતા પુરાવા આધારે ચાર્જશીટ કરેલુ.

જયારે બચાવપક્ષની ઉલટતપાસમાં ત.ક.અ.એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યાએ લોકો તથા વાહનોની અવરજવર ચાલુ રહે છે, આ કામે પહેલા પંચનામું કરવામા આવેલ બાદમા ફરીયાદ કરવામા આવેલી, આ ગુનાની તપાસ તેઓએ જ કરેલ છે, આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી.આ સિવાય આરોપીના અન્ય બચાવની

હકીકતને સમર્થન આપેલ નથી.

(૧૦) ઉપરોકત તપાસવામાં આવેલા પંચો સિવાયના સાહેદ પોલીસ સાહેદ છે. આ કામે ફરીયાદીએ જણાવેલ છે કે, પંચોની હાજરીમાં રેડ કરી મુદ્દામાલ દારૂનો આથો કબજે કરેલ,પરંતુ આ કામે આંક-૯ ના પંચનામાના પંચોને તપાસવામાં આવેલા છે જેઓએ પંચનામાની હકીકતને કે બનાવની હકીકત ને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને આ પંચોએ જુબાનીમા જણાવેલ છે કે, તેઓની પોલીસે તૈયાર પંચનામામા સહી લીધેલ અને પંચનામા અંગે કોઈ માહીતી નથી. આ પંચની જુબાનીથી પંચનામાની કાર્યવાહી તથા ઝડતી અને જપ્તીની કાર્યવાહી પુરવાર થતી નથી. રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેવામા આવે તો સરળતાથી સ્વતંત્ર સાહેદો મળી રહે તેમ હતા તેમ છતા ત.ક.અ. એ કોઈ સ્વતંત્ર સાહેદોનો પુરાવો રજુ કરેલ નથી ત્યારે આ સંજોગોમા માત્ર રજુ પોલીસ સાહેદોની જુબાનીના આધારે આરોપીને ગુનાની હકીકત સાથે સાંકળવા ન્યાયીક જણાતુ નથી.

આ તબકકે નામદાર ગુજરાત હાઈકોર્ટનો **<u>સ્ટેટ ઓફ ગુજરાત વિ સુરેશભાઈ એસ પટેલ જીએચજે ૨૦૧૧ ભાગ ૨૬ પાનાં નં ૧</u>**નો ચુકાદો ધ્યાને લેવામા આવે તો, તેમા નામદાર હાઈકોર્ટે ઠરાવેલ કે જો મૌખીક તથા દસ્તાવેજી પુરાવાથી અગર એક પંચ સાહેદ હોસ્ટાઈલ જાહેર થવાથી પણ પઝેશન- જડતી અને જપ્તીનાં પ્રોહીબીશનનાં કેસ Beyond reasonable doubt પુરાવાર થઈ શકે નહી. અને નામદાર હાઈકોર્ટે આરોપીને નિર્દોષ ઠરાવીને છોડી મુકતા ચુકાદાને યથાર્થ ઠેરવેલ. સદર કેસમાં પંચએ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરેલ નથી. ખુદ ફરીયાદપક્ષ તે નિ:શંક પણે પુરવાર કરી શકેલ નથી કે કથીત મુદ્દામાલ આરોપીનાં સભાનપણાનાં કબજા Exclusive and Conscious Possession માંથી કબજે લેવાયેલ છે કે કેમ. આ કામે થયેલ જડતી અને જપ્તી ની પ્રક્રીયા પણ શંકાસ્પદ થયેલ હોવાનુ જણાય છે જેથી તેનો લાભ આરોપીને આપવા પાત્ર થાય છે.

વધુમાં, નામદાર સુપ્રિમ કોર્ટે **૧૯૯૬(૩) ક્રાઈમ્સ પાના નં: ૮૫** પ્રસિધ્ધ કેસ **સતીષ મહેરા વિ. દીલ્હી એડમીનીસ્ટ્રેશન** ના ચુકાદા માં નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રતીપાદીત કરેલ સિધ્ધાંત મુજબ જયારે મહત્વનાં સાહેદોએ ફરીયાદપક્ષને સમર્થન કરેલ ન હોય ત્યારે બાકીનાં સાહેદો ને તપાસવાની ફોર્માલીટી પુરી કરવી જરુરી નથી. નામદાર અદાલતે નિરીક્ષણ કરેલ કે....

When Judge is certain that there is no prospect of case ending in conviction, valuable time of Court Should not be wested for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on a future date.

હાલનાં કેસમાં મુખ્ય મહત્વના પંચસાહેદએ ફરીયાદપક્ષનાં કેસને સમર્થન કરેલ નથી ત્યારે બાકીનાં સાહેદોને તપાસવાથી પણ ક્રીમીનલ જયુરીશપ્રુડંશ મુજબ કેસ નિ:શંક પુરાવાથી પુરવાર થઈ શકે તેમ નથી.

**(૧૧)** આમ, રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં આ કામના આરોપીને તેઓની સામેના ગુન્હામાં સાંકળી તકસીરવાન ઠરાવવા માટે યોગ્ય અને જરૂરી પુરાવાનો અભાવ હોઈ તેઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા ન્યાયોચિત જણાતું હોઈ, મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં.ર પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**-:હુકમ:-**

૧. આ કામના આરોપીને ધી ગુજરાત પ્રોહી.એકટની કલમ:-૬પ(એફ) મુજબનાં ગુનામાંથી ક્રિ.પ્રો.કો.ક. ૨૪૮(૧) અન્વયે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદામાલ પ્રોહીનો અપીલ સમય વિત્યે નાશ કરવો.

૩. આરોપી તરફે અગાઉ આપેલ જામીન ક્રિ.પ્રો.કોડની કલમ-૪૩૭(એ) અન્વયે આ હુકમથી ૬(છ) માસ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૨૯મી, માહે-મે, સને-૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

સહી/-

તારીખ :-૨૯/૦૫/૨૦૨૪ **(યોગિતા એચ.શર્મા)**

ભચાઉ-કચ્છ. **GJ-01529**

જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ

ભચાઉ-કચ્છ.